# બી.એડ્ પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સામાજિક કૌશલ્યો અને સાંવેગિક બુદ્ધિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

# Study of Psychological Problems, Social Skills and Emotional Intelligence of B. Ed Trainees in relation to Certain Variables


**માર્ગદર્શક**
**ડૉ. નીલેશ એસ. પંડ્યા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર**
**શિક્ષણશાસ્ત્ર વિભાગ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**

**સંશોધક**
**રજનીકાન્ત ચૌહાણ**
**(M.A., M.Ed.)**
**રિસર્ચ સ્કૉલર (એમ.ફિલ)**
**શિક્ષણશાસ્ત્ર વિભાગ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**


## ૧.૦ પ્રસ્તાવના:

શિક્ષણ એ ગતિશીલ પ્રક્રિયા છે. તેની આ ગતિશીલતાનો આધાર એક ક્ષેત્રમાં કામ કરાતા વ્યક્તિઓની આંતરસૂઝ, સંશોધનાત્મક દષ્ટિકોણ અને નવીનીકરણ તરફનો હકારાત્મક અભિગમ તરફ છે.

અધ્યન – અધ્યાપન પ્રક્રિયા એ શિક્ષણ વ્યવસ્થાનો પ્રાણ છે. અધ્યાપકે પ્રશિક્ષણાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ પ્રયત્નો દ્વારા સામેલ કરવા જોઇએ. આ પ્રયત્નોમાં જેટલી સફળતા તેટલી જ પ્રશિક્ષણાર્થીઓની જ્ઞાન સંપાદનની કક્ષામાં વુધ્ધિ. જ્ઞાનના વિસ્ફોટ અને પરિવર્તનોને કારણે હંમેશા શિક્ષણને બદલવાનો પ્રયત્ન કર્યો છે.

## ૧૧ સમસ્યાકથન:

**બી.એડ્ પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સામાજિક કૌશલ્યો અને સાંવેગિક બુદ્ધિનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ**

## ૧.૨ સંશોધનના હેતુઓ:

1. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો અભ્યાસ, જાતિ, વિસ્તાર, વિદ્યાશાખા, કૉલેજ પ્રકાર અને શૈક્ષણિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
2. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ, જાતિ, વિસ્તાર, વિદ્યાશાખા, કૉલેજ પ્રકાર અને શૈક્ષણિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

3. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સામાજિક કૌશલ્યોનો અભ્યાસ, જાતિ, વિસ્તાર, વિદ્યાશાખા, કૉલેજ પ્રકાર અને શૈક્ષણિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
4. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સાંવેગિક બુદ્ધિ વચ્ચેનો સંબંધ ચકાસવો.
5. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સામાજિક કૌશલ્યો વચ્ચેનો સંબંધ ચકાસવો.
6. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યો વચ્ચેનો સંબંધ ચકાસવો.

**૧.૩ સંશોધનમાં સમાવિષ્ટ ચલ** :

## સારણી ૫.૧

## અભ્યાસના ચલો

| ક્રમ | ચલ | ચલ પ્રકાર | ચલની કક્ષા |
|---|---|---|---|
| (૧) | મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ | પરતંત્ર ચલ | -- |
| (૨) | સાંવેગિક બુદ્ધિ | પરતંત્ર ચલ | -- |
| (૩) | સામાજિક કૌશલ્યો | પરતંત્ર ચલ | -- |
| (૪) | જાતીયતા | સ્વતંત્ર ચલ | સ્ત્રી અને પુરુષ |
| (૫) | વિસ્તાર | સ્વતંત્ર ચલ | ગ્રામીણ અને શહેરી વિસ્તાર |
| (૬) | વિદ્યાશાખા | સ્વતંત્ર ચલ | આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ |
| (૭) | કૉલેજ પ્રકાર | સ્વતંત્ર ચલ | અનુદાનિત અને સ્વનિર્ભર |
| (૮) | શૈક્ષણિક સ્તર | સ્વતંત્ર ચલ | સ્નાતક અને અનુસ્નાતક |

**૧.૪ અભ્યાસની ઉત્કલ્પનાઓ** :

૧. બી.એડ્.ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૨. બી.એડ્.ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૩. બી.એડ્.ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૪. બી.એડ્.ના ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૫. બી.એડ્.ના ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૬. બી.એડ્.ના ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૭ બી.એડ્.ના આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૮. બી.એડ્.ના આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૯. બી.એડ્.ના કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૦. બી.એડ્.ના આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૧. બી.એડ્.ના આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૨. બી.એડ્.ના કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૩. બી.એડ્.ના આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૪. બી.એડ્.ના આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૫. બી.એડ્.ના કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૬. બી.એડ્.ના અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૭. બી.એડ્.ના અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૮. બી.એડ્.ના અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૯. બી.એડ્.ના સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨૦. બી.એડ્.ના સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨૧. બી.એડ્.ના સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## ૧.૫ અભ્યાસના પ્રશ્નો :

૧. બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકો અને સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સહસંબંધ હશે ?

૨. બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના પ્રાપ્તાંકો અને સામાજિક કૌશલ્યો સંશોધિની પરના પ્રાપ્તાંકો વચ્ચે સહસંબંધ હશે ?

૩. બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના પ્રાપ્તાંકો અને સામાજિક કૌશલ્યો સંશોધિની પરના પ્રાપ્તાંકો વચ્ચે સહસંબંધ હશે ?

## ૧.૬ અભ્યાસની સીમાંકન :

આ સંશોધન અભ્યાસની મર્યાદાઓ નીચે પ્રમાણે આપવામાં આવી છે.

૧. માત્ર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોને જ લેવામાં આવી છે.

## ૧.૭ વ્યાપવિશ્વ :

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત યુનિવર્સિટીની અનુદાનિત તેમજ સ્વનિર્ભર બી.એડ્. કૉલેજોમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન અભ્યાસ કરતાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ વ્યાપવિશ્વ બનશે.

સારણી ક્રમાંક : ૫.૨ વ્યાપવિશ્વની માહિતી

| અનુદાનિત | સ્વનિર્ભર | કુલ |
|---|---|---|
| ૧૦ | ૩૫ | ૪૫ |

## ૧.૮ નમૂના પસંદગી :

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત યુનિવર્સિટીની અનુદાનિત તેમજ સ્વનિર્ભર બી.એડ્. કૉલેજો બે સ્તરમાથી યાદ્દચ્છિક રીતે અનુક્રમે ૩ અને ૮ કૉલેજો પસંદ કરવામાં આવી હતી. આ રીતે પસંદ કરેલી કૉલેજોમાં અભ્યાસ કરતા તમામ ઉપલબ્ધ પ્રશિક્ષણાર્થીઓને નમૂનામાં સમાવવામાં આવ્યા હતા.

**સારણી ૫.૩ નિદર્શની માહિતી**

| કૉલેજનો પ્રકાર | કૉલેજની સંખ્યા | પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| અનુદાનિત | ૦૩ | ૧૩૦ |
| સ્વનિર્ભર | ૦૮ | ૧૭૦ |
| કુલ | ૧૧ | ૩૦૦ |

## ૧.૯ ઉપકરણ :

૧. મનોવૈજ્ઞાનિક સમસ્યા સંશોધિની :

સંશોધકરચિત મનોવૈજ્ઞાનિક સમસ્યા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીમાં કુલ ૧૦ વિભાગો હતા. જેમાં લાગણીઓ, બાહ્ય દેખાવ, આરોગ્ય, મિત્રો, કૉલેજ, માતાપિતા, શોખ, વર્તણુંક, ઘર, વિચારો જેવા મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને આધારિત વિધાનો મૂકવામાં આવ્યા હતા. આમ કુલ ૧૨૦ કલમોની સંશોધિની તૈયાર કરવામાં આવી હતી.

૨. સામાજિક કૌશલ્યો સંશોધિની :

સંશોધકરચિત સામાજિક કૌશલ્યો માપદંડ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓને સમાજમાં કેવા પ્રકારના અનુભવો થયા છે તે પ્રશ્નોને આધારિત ઉત્તરો લેવામાં આવ્યા હતા.

૩. સાંવેગિક બુદ્ધિ સંશોધિની :

સંશોધક હિતેન્દ્રસિંહ પી. રાણા રચિત સાંવેગિક બુદ્ધિ સંશોધિની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીમાં કૉલેજનો વિસ્તાર જેમાં ગ્રામ્ય અને શહેરી, જાતિયતા જેમાં પુરુષ અને સ્ત્રી, કૉલેજનો પ્રકાર જેમાં અનુદાનિત અને સ્વનિર્ભર, વિદ્યાશાખા જેમાં આટર્સ, કૉમર્સ,અને સાયન્સ, શૈક્ષણિક સ્તર જેમાં સ્નાતક અને અનુસ્નાતક જેવાં સાંવેગિક બુદ્ધિ સંશોધિની આધારિત વિધાનો મુકવામાં આવ્યા હતા. આમ કુલ ૭૨ કલમોની સંશોધિની તૈયાર કરવામાં આવી હતી.

## ૧.૧૦ માહિતી પૃથક્કરણ અને અર્થઘટન :

પ્રસ્તુત સંશોધન માટે એકત્રિત કરેલ માહિતીનું કમ્પ્યૂટર M.S. Excel પ્રોગ્રામ દ્વારા વર્ગીકરણ કરવામાં આવ્યું હતું .જેમાં પ્રત્યેક પરતંત્ર ચલ અને સ્વતંત્ર ચલની માહિતી દર્શાવતી ડેટાશીટ તૈયાર કરવામાં આવી હતી. ડેટાશીટ તૈયાર કર્યા બાદ તેને SPSS સોફ્ટવેરમાં તમામ માહિતી વિવિધ ચલો પ્રમાણે અલગ અલગ પ્રાપ્તાંકોની T Test ગણતરી કરવામાં આવી હતી. ઉત્કલ્પનઓના અનુસંધાને માહિતીને વર્ગીકૃત કરી સરાસરી પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. જેમાં તેની સાર્થકતાને ચકાસવામાં આવી હતી.

## ૧.૧૧ અભ્યાસના તારણો :

1. બી.એડ્.માં અભ્યાસ કરતાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ પુરુષ પ્રશિક્ષણાર્થીઓ કરતા વધારે જોવા મળે છે.
2. બી.એડ્.માં અભ્યાસ કરતાં સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ લગભગ સમાન હોય છે.

3. બી.એડ્.માં અભ્યાસ કરતાં પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ્યો સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ કરતા વધારે જોવા મળે છે.
4. બી.એડ્.માં અભ્યાસ કરતાં ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યોમાં કોઇ તફાવત જોવા મળતો નથી.
5. બી.એડ્.માં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓની વિદ્યાશાખા (આટર્સ, કૉમર્સ અને સાયન્સ)ના સંદર્ભે મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યો લગભગ સમાન જોવા મળે છે.
6. બી.એડ્.માં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓની કૉલેજના પ્રકાર (અનુદાનિત અને સ્વનિર્ભર)ને અનુલક્ષીને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યોમાં કોઇ ખાસ તફાવત જોવા મળતો નથી.
7. બી.એડ્.માં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓનો શૈક્ષણિક સ્તર (સ્નાતક અને અનુસ્નાતક) અનુલક્ષીને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યોમાં કોઇ તફાવત જોવા મળ્યો નથી.
8. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સામાજિક કૌશલો વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળે છે. જેથી જે પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલો સારા હોય છે તેવા પ્રશિક્ષણાર્થીઓને ઓછી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્ભવે છે.
9. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સાંવેગિક બુદ્ધિ વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળે છે. જેથી જે પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સારી હોય છે તેવા પ્રશિક્ષણાર્થીઓને ઓછી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્ભવે છે.
10. સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલો વચ્ચે હકારાત્મક સહસંબંધ જોવા મળે છે. જેથી જે પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલો સારા હોય છે તેવા પ્રશિક્ષણાર્થીઓને સાંવેગિક બુદ્ધિ વધારે સારી હોય છે. વિશેષમાં એમ પણ કહી શકાય કે જે પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ ઉચ્ચ હોય છે તેમના સામાજિક કૌશલો પણ સારા જોવા મળે છે.